**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,**

**Presided Over by T.P.SINGH**

**રેફરન્સ(એલ.સી.બી.) કેસ નં.૩૯/૨૦૧૧**
**આંક : ૨૮**

રાજીબેન આણંદભાઇ ગોહિલ
ઠે.હવેલી શેરી–ગાયત્રી મંદીર પાસે,
ઓઘડ ધરમશીના મકાનમાં,બહારપરા,
પાલીતાણા, જિ.ભાવનગર

**...અરજદાર/બીજા પક્ષકાર**

**વિરૂધ્ધ**

મેનેજરશ્રી/ટ્રસ્ટશ્રી,
વર્ધમાન જૈન આગમ મંદીર સંસ્થા,
તળેટી રોડ, પાલીતાણા
જિ.ભાવનગર

**...સામાવાળા/પ્રથમ પક્ષકાર**

**અરજદાર તરફે** **:-** વિ.વ.શ્રી આર.પી.નારીગરા
**સામાવાળા તરફે** **:-** વિ.વ. શ્રી કે.એમ.ગાંધી

**--::એ વો ર્ડ::--**

---

**(૧)** હાલનો કેસ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભાવનગર નાઓ અત્રેની અદાલતમાં રીફર કરે તે પહેલા કામદાર દ્વારા મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ સામાવાળા મેનેજરશ્રી/ટ્રસ્ટશ્રી, વર્ધમાન જૈન આગમ મંદીર સંસ્થા, પાલીતાણા વિરુધ્ધ એવી લેખિત ફરીયાદ કરવામાં આવેલ છે કે, સામાવાળા દ્વારા અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૦ થી કોઇપણ જાતના વાંક-ગુનો કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ તેથી પડેલા રોજ ભરપાઇ કરી સળંગ નોકરીથી મુળ જગ્યાએ કામે લઇ લેવામાં આવે. જે ફરીયાદ લગત કામદાર તથા સંસ્થા વચ્ચે મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ સમાધાન ના આવતાં સદરહું કેસ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ભાવનગરે તેમનાં હુકમ ક્રમાંક: કે.એચ./૨૨૩૬/એસ.એચ.એમ.સી./બી.એચ.

એ./આઈ.ડી.આર.નં.૯/૧૧ થી પક્ષકારો મેનેજરશ્રી/ટ્રસ્ટીઓ, વર્ધમાન જૈન આગમ મંદીર સંસ્થા વિરુધ્ધ રાજીબેન આણંદભાઇ ગોહિલ વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ ન્યાયીક નિર્ણય અર્થે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ : ૧૦(૧) હેઠળ શ્રમ અદાલત, ભાવનગરને નીચે મુજબની અનુસુચિ સાથે સુપ્રત કરેલ છે.

<u>રેફરન્સની અનુસુચિ</u>

**" શ્રી રાજીબેન આણંદભાઇ ગોહિલને નોકરીમાંથી છુટા કર્યા તા.૦૧/૦૪/૨૦૧૦ થી તેમના પડેલા રોજ ભરપાઇ કરી તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?"**

(૨) હવે જ્યારે મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીમાં સૌપ્રથમ ફરીયાદ લઇને હાજર થનાર પક્ષકાર રજુ રેફરન્સમાં સામાવાળા હોય જેથી સમજવામાં સરળતા રહે તે હેતુથી આ કામે આ એવોર્ડમાં હવે પછી પ્રથમ પક્ષકાર/સંસ્થાને સામાવાળા તરીકે અને બીજા પક્ષકાર/શ્રમયોગીને અરજદાર તરીકે સંબોધવામાં આવે છે

(૩) પક્ષકારોને રેફરન્સ કેસની નોટીસ કરતાં સામાવાળી સંસ્થા તથા અરજદારના વિ.વ.શ્રીની સહી સાથેની કોર્ટપ્રત વાળી નોટીસ આંક-૩ થી બજીને રેકર્ડે પરત થયેલ છે.

(૩.૧)જેથી નોટીસની બજવણી ધોરણસર થતાં **<u>અરજદાર તરફે આંક-૪ થી માંગણાનુ નીવેદન રજુ કરેલ છે.</u>** જેમાં અરજદારે જણાવે છે કે, તેઓ સામાવાળાની સંસ્થામાં સફાઇવાળા તરીકે સને-૧૯૯૦ થી નોકરીમાં દાખલ થયેલ હતા. અરજદારને રૂા.૨૧૫૦/- માસિક પગાર ચુકવાતો અને લઘુતમ વેતન મુજબ પગાર ચુકવવામાં આવતો નહી. અરજદારને સફાઇવાળા તરીકે વર્ગ-૪ ના કર્મચારી હતા. અરજદારને તા.૦૧/૦૪/૨૦૧૦ ના રોજથી કોઇપણ જાતના વાંક-ગુના વગર કે નોટીસ-નોટીસ પગાર આપ્યા વગર ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે. અરજદારને જયારથી સામાવાળાને ત્યાં નોકરીમાં દાખલ થયા ત્યારથી શરુ કરીને સામાવાળાએ અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કર્યા ત્યાં સુધી સતત અને સળંગ નોકરી કરેલ છે. અરજદાર જે પ્રકારની કામગીરી અને ફરજો બજાવતાં તેનો પ્રકાર સતત, સળંગ અને કાયમી પ્રકારનો હોવા છતાં અરજદારને છુટ્ટા કરેલ છે. અરજદારની કામગીરી અને કાયમી કર્મચારીની

કામગીરીમાં કોઇ તફાવત નથી.

(૩.૨) અરજદારને નોકરીમાંથી છુટ્ટા કર્યા બાદ અવાર–નવાર સામાવાળા સમક્ષ અસંખ્ય વખત રજુઆતો કરેલ છે. અરજદારે જયારે જયારે રજુઆતો કરતા હતા ત્યારે ત્યારે અરજદારને એક યા બીજા પ્રકારના આશ્વાસનો આપવામાં આવતાં હતા તેમ છતાં અરજદારને નોકરીમાં લીધેલ ન હોય અને અરજદારને તા.૧૪/૧૨/૧૦ ના રોજથી ડીમાન્ડ લેટર લખેલ છે જે સંસ્થાને મળેલ હોવા છતાં પણ અરજદારને નોકરીમાં લીધેલ ન હોય. આથી અરજદારે મજુર કમિશ્નરશ્રી ભાવનગર સમક્ષ ફરીયાદ દાખલ કરેલ છે. જેમાં સામાવાળાના જકડી અને અકકડ વલણને કારણે સમાધાન શકય ન બનતાં આ ઔદ્યોગીક વિવાદને ન્યાય નિર્ણય માટે હાલનો રેફરન્સ અત્રેની અદાલતમાં સુપ્રત કરવામાં આવેલ છે.

(3.3) અરજદારને છુટ્ટા કરતાં સમયે સિનીયોરીટી લીસ્ટ ધ્યાનમાં લીધુ નથી. અરજદારને છુટ્ટા કરતે સમયે તેનાથી જુનીયર માણસોને નોકરીમાં ચાલુ રાખેલ છે તેમજ અરજદારને કાયમી પણ કરેલા છે તેમજ અરજદારને છુટ્ટા કર્યા બાદ નવા માણસોને નોકરીમાં રાખેલા છે અને તેઓને કાયમી પણ કરેલા છે. અરજદારના જેવી જ કામગીરી કરતાં અન્ય કામદારોને પણ નોકરીમાં ચાલુ રખાયા છે તેમજ તેઓને પણ કાયમી કરવામાં આવેલા છે. આમ, અરજદારને નોકરીમાંથી છુટ્ટા કરવાનુ સામાવાળાનુ પગલુ તદ્દન ગેરકાયદેસર, ગેરબંધારણીય, કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરુધ્ધનુ તેમજ ઔદ્યોગીક તકરારના કાયદાના વિરુધ્ધનુ હોય તે રદ્દ થવાને પાત્ર છે તેવુ અરજદાર તેમના માંગણાના નીવેદનમાં જણાવે છે.

(૩.૪) અરજદારને છુટા કરતાં પહેલા ઔદ્યોગીક વિવાદ ધારા હેઠળના ગુજરાત રાજયના નિયમોના નિયમ ૮૧ મુજબ સામાવાળાએ સીનીયોરીટીની યાદી(લીસ્ટ) પ્રદર્શીત કરવી જોઇએ પણ પ્રદર્શીત કરેલ નથી. તેથી અરજદારને છુટા કરવાનુ સામાવાળાનુ પગલુ ગેરકાયદેસરનુ છે તેવુ અરજદાર તેમના માંગણા નીવેદનમાં જણાવે છે.

(૩.૫) અરજદારને છુટ્ટા કરતાં પહેલા ઔદ્યોગીક વિવાદ ધારા હેઠળના ગુજરાત રાજયના નિયમોના નિયમ ૮૦(એ) તથા ૮૦(બી) મુજબની કાર્યવાહી કરવી

જોઇએ તે પણ સામાવાળાએ કરેલ નથી. તેથી અરજદારને છુટ્ટા કરવાનુ સામાવાળાનુ પગલુ ગેરકાયદેસરનુ છે. ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(એલ) મુજબ સામાવાળા ઔદ્યોગીક સંસ્થા છે, છતાં ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ ૨૫(એન) તથા ગુજરાત રાજયના નિયમોના નિયમ–૮૦(એ) મુજબની કાર્યવાહી કર્યા વિના અરજદારને છુટાં કરતાં પહેલા નિર્દિષ્ટ સત્તાધિકારીની પરવાનગી મેળવ્યા વિના તદ્દન ગેરકાયદેસર રીતે અરજદારને છુટ્ટા કરી દેવામાં આવ્યા છે તે સામાવાળાનુ પગલુ ગેરકાયદેસરનુ છે.

**(૩.૬)** અરજદારને છુટા કરવાનુ સામાવાળાનુ પગલુ અને છુટ્ટા કર્યા પછી ફરી કામ ઉપર નહીં લેવાનુ સામાવાળાનુ પગલુ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ ૨૫(એફ)(જી) તથા (એચ)(એમ) તથા આ કાયદાના ગુજરાત રાજયના નિયમોના નિયમ ૮૦(એ)(બી) તથા ૮૧ તથા ૮૨ ના ઉલ્લંઘન અને ભંગ કરીને ભરવામાં આવેલ છે. આ રીતે સામાવાળાએ કાયદાનો ભંગ કરીને અને કાયદેસરની કાર્યવાહી કર્યા વિના અરજદારને નોકરીમાંથી છુટ્ટા કર્યા છે. જેથી અરજદારને પડેલા દિવસોનુ પુરુ વેતન આપીને અરજદારની મુળ જગ્યા ઉપર ફરી કામ ઉપર લેવાનો સામાવાળાને હુકમ કરવા, અરજદારને પડેલ દિવસોની અરજદારની નોકરી સળંગ ગણવાનો અને તેના કારણે ઉદભવતાં આનુષાંગીક લાભો આપવાને સામાવાળાને હુકમ કરવાની દાદ હાલના માંગણાના નીવેદનમાં અરજદાર દ્વારા માંગવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ આંક–પ થી સામાવાળા તરફે વકીલપત્ર રજુ કરવામાં આવેલ છે, અને આંક–૬ થી જવાબ રજુ કરેલ છે. તેમાં સામાવાળા આ કામના અરજદાર સાથે નોકર–માલીકના સંબંધ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરે છે અને તેઓ વધુમાં તેમના જવાબમાં જણાવે છે કે, તેઓ કોઇ વેપાર, ધંધો કે વ્યવસાય કરતાં નથી. સામાવાળા ઔદ્યોગીક એકમ નથી. આથી ઔદ્યોગીક વિવાદ ધારો લાગુ પડે નહી. સામાવાળાએ જણાવેલ છે કે, અરજદારને ૬૦ વર્ષ થઇ ગયેલ છે અને નિવૃતી વયે પહોંચી ગયેલ છે, કામ થઇ શકતુ નથી. આથી સ્વેચ્છાએ નોકરી જતી કરી નિવૃત થયેલ છે. આમ, આ છટણી નથી. અરજદાર પ્રોફેશ્નલ વ્યકિત છે. આવુ કામ અન્યનુ પણ રાખે છે. અરજદાર દ્વારા તેના માંગણાના નીવેદનમાં જે વિગતો જણાવવામાં આવેલ છે તે તમામ ઉપજાવી કાઢેલી અને આ કામના

સામાવાળાને બંધનકર્તા ન હોવાનુ જણાવી અરજદારે કરેલ માંગણી ગેરકાયદેસર હોય તે રદ્દ કરવા અરજ કરેલ છે.

(૪.૧) તેઓ વધુમાં **<u>ખરી હકીકત તરીકે</u>** જણાવે છે કે, <u>અરજદાર સવારના ૭ થી ૧૧ માં આવી જાય, અને ધર્મશાળાના રૂમ સાફ કરવા વિગેરે સફાઇનુ કામ કરતાં હતા. આવુ સફાઇનુ કામ અરજદાર અન્યનુ પણ કરતાં હતા. અરજદાર તા.૩૧/૦૩/૨૦૧૦ ના ઉંમરને કારણે સ્વેચ્છાએ આવતાં બંધ થયેલ છે. હજુ પણ ૬૦ વર્ષ ના થયા હોય અને કામ કરી શકે તેમ હોય તો જન્મ તારીખના આધાર સાથે હાજર થઇ જાય. આમ, અરજદાર ઉંમર થતાં સ્વેચ્છાએ જ આવવાનુ બંધ કરેલ છે, કોઇ છટણી કરવામાં આવેલ નથી તેવુ સામાવાળા તેમના જવાબમાં જણાવે છે અને અરજદારે તેમના માંગણાના નીવેદનમાં માંગેલ તમામ દાદ ખરી ન હોય, કાયદેસર ન હોય આથી રદ્દ કરવા વિનંતી કરેલ છે.</u>

(૫) ત્યારબાદ અરજદારે **<u>આંક-૮ થી સામાવાળાના કબજામાં રહેલા દસ્તાવેજો રજુ કરાવવા બાબતની અરજ કરવામાં આવેલ.</u>** જેમાં દસ્તાવેજોની વિગતમાં (૧) સામાવાળા દ્વારા નિભાવવામાં આવતાં હાજરી પત્રકો તથા પગાર પત્રકો ૧૯૯૦ થી ૨૦૧૦ સુધીના (૨) સામાવાળા દ્વારા તેમની સંસ્થાના નિભાવવામાં આવતાં રોજમેળ તથા ખાતાવહી ૧૯૯૦ થી ૨૦૧૦ સુધીના (૩) સામાવાળાની ધર્મશાળામાં આવતાં મહેમાનોની એન્ટ્રીઓ દર્શાવતા રજીસ્ટરો ૧૯૯૦ થી ૨૦૧૦ સુધીના (૪) સામાવાળા દ્વારા યાત્રીકોને અને મહેમાનોને ભોજનશાળામાં જમાડીયા અંગેની પહોંચો તથા તેની આવકના રજીસ્ટરો ૧૯૯૦ થી ૨૦૧૦ સુધીના (૫) સામાવાળા હસ્તકના ભોજનશાળા તથા ધર્મશાળાના આવક-જાવકના રજીસ્ટરો (૬) સામાવાળાએ ચેરીટી કમીશ્નર દ્વારા મેળવેલ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા ટ્રસ્ટનુ બંધારણ જેવા દસ્તાવેજોની અરજદાર દ્વારા માંગણી કરવામાં આવેલ. **<u>જે લગત તા.૧૨/૩/૨૦૧૩ નારોજ ના હુકમ થી અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરવા વિકલ્પે સોગંદનામુ રજુ કરવાનો હુકમ કરવામાં આવેલો. જે હુકમ લગતનુ સોગંદનામુ કે દસ્તાવેજો રેકર્ડ પર જણાય આવતા નથી.</u>**

(૬) ત્યારબાદ અરજદારે આંક-૯ થી તેનુ પુરાવારુપી સોગંદનામુ રજુ કરેલ છે અને તે લગત તા.૧૬/૦૪/૨૦૧૩ નારોજ સામાવાળા તરફે વિ.વ.શ્રી

દ્વારા અરજદારની વિગતવાર ઉલટ તપાસ લેવામાં આવેલ છે. આ કામે કામદાર તરફે કોઈપણ દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી અને આંક–૧૦ થી પુરાવા બંધની પુરસીસ આપેલ છે.

(૭) ત્યારબાદ આંક–૧૬ થી અરજદાર તરફે સામાવાળાનો મૌખીક પુરાવો રજુ કરવા અંગેનો હકક બંધ કરવાની અરજ આવતાં જે લગત તા.૦૯/૧૦/૨૦૧૯ નારોજ ના હુકમથી સામાવાળાનો મૌખીક પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ આંક–૧૮ થી સામાપક્ષે પુરાવાનો હકક ખોલી આપવા અરજી રજુ થતાં અરજદાર–કામદારને વાંધો ન હોવાથી સામાવાળાનો પુરાવાનો હકક ખોલી આપવામાં આવેલ છે. તે ઉપરાંત સામાવાળા દ્વારા આંક–૨૧ થી પુરાવારૂપી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨૧ થી રજુ સરતપાસના સોગંદનામા ના સાહેદ હસમુખભાઈ રમણભાઈ નાઓ અવસાન પામેલ હોય તેથી તે સોગંદનામુ રેકર્ડ પરથી દુર કરવા અરજી આંક–૨૨ થી આપી સામાવાળાએ આંક–૨૧ વાળુ સોગંદનામુ ડીસ્કાર્ડ કરાવેલ છે. ત્યારબાદ સામાવાળા દ્વારા આંક–૨૩ થી પુરાવારૂપી સોગંદનામુ રજુ કરવામાં આવેલ. અને જે લગત તા.૦૩/૦૧/૨૦૨૨ના રોજ ઉલટ તપાસ લેવામાં આવેલ છે. વધુમાં આંક–૨૬ થી તા.૧૮/૧૨/૨૦૨૩ નારોજ અરજદાર દ્વારા સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવાની અરજ આવતાં તેના હુકમથી સામાવાળાનો વધુ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. અને સદર રેફરન્સ દલીલ રજુ થવા પર આવે છે.

(૯) ત્યારબાદ સબબ કામે દલીલના સ્ટેજે હોય ત્યારે અરજદાર તરફે કોઈ લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ નથી, પરંતુ વિ.પ્રતિનીધીશ્રી દ્વારા રેકર્ડ પર રજુ થયેલા પુરાવાને, અરજદારનુ નીવેદન તથા રેકર્ડ ધ્યાનમાં રાખીને તેમની દલીલમાં જણાવેલ છે કે, સામાવાળાએ અરજદારને અચાનક નોકરીમાંથી છુટા કરેલ છે અને છુટા કરતી વખતે નોટીસ પગાર કે છટણી વળતર પણ ચુકવેલ નથી તેમજ સાંભળવાની તક આપ્યા વગર કે ખાતાકીય તપાસ કર્યા વગર અરજદારનો કોઈપણ વાંક–ગુના વગર તથા છુટા કરતા પહેલા કોઈ મંજુરી લીધા વગર નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે જે અનફેર લેબર પ્રેકટીસ હોય. વધુમાં દલીલ થયેલ છે કે, કામદારે રજુ રાખેલ પુરાવાથી અરજદારે રેકર્ડ પર જરુરી

દસ્તાવેજી પુરાવા રજુ રાખી પુરવાર કરેલ છે કે સામાવાળી સંસ્થાએ અરજદારને રજા પગાર, વળતર પગાર વિગેરે ચુકવેલ છે. જેથી અરજદાર સામાવાળી સંસ્થાને ત્યાં કામદાર તરીકે ફરજ બજાવતાં હતા અને સામાવાળાએ ખોટી રીતે કામદાર અને માલીક વચ્ચે સંબંધ ન હોવા અંગેની તકરાર લીધેલી છે. તે સિવાય જયારે કામદાર સને-૧૯૯૦ થી ૨૦૧૦ સુધી ફરજ બજાવેલ હોય ત્યારે તેમજ તે સંદર્ભે જરુરી પુરાવા કામદારે રજુ રાખેલ હોય તે સંજોગોમાં અરજદારે કરેલ પ્રોડકશન અરજી લગત થયેલ હુકમ મુજબ સામાવાળી સંસ્થાએ જરુરી દસ્તાવેજો હુકમ મુજબ રજુ કરવુ જોઈતુ હતુ, પરંતુ સામાવાળી સંસ્થાએ નામ.કોર્ટે કરેલ હુકમની અમલવારી કરેલ નથી કે હુકમ મુજબ જરુરી સોગંદનામુ પણ આ કામે રજુ રાખેલ નથી. જેથી અરજદાર-કામદારે કાયદા મુજબ કામદારના ખભ્ભે રહેલ જરુરી સાબિતીનો બોજો પોતાના ખભ્ભેથી ઉતારીને સામાવાળી સંસ્થાના ખભ્ભે મુકેલ છે. જેથી કામદાર પોતાનો કેસ કાયદા મુજબ સાબિત કરે છે. જેથી હાલનો રેફરન્સ કેસ કામદારની તરફેણમાં મંજુર કરવા અરજ કરેલ છે.

(૧૦) સામાવાળા તરફે પણ કોઈ લેખિત દલીલ રજુ કરવામાં આવેલ નથી પરંતુ તેમના વિ.વ.શ્રી કે.એમ.ગાંધી દ્વારા મૌખીક દલીલ થયેલ છે કે, અરજદારે તેમના જવાબમાં જણાવેલ હકીકત મુજબની તકરાર લગત મૌખીક દલીલ કરેલ છે. વિશેષમાં દલીલ કરેલ છે કે, આ કામે કામદારે આંક-૭ થી સામાવાળા તરફે લેવામાં આવેલ તકરાર કે કામદાર જાતે નોકરી છોડી જતા રહેલ છે અને સામાવાળા કામદારને આજે પણ પુન:સ્થાપીત કરવા તૈયાર છે તે સંદર્ભે કામદાર સવારના ૬-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી નોકરીએ જવા તૈયાર છે, તો આ કામના સામાવાળા તેમને તેમની મુળ જગ્યાએ, મુળ શરતોએ સળંગતા કે પુન:સ્થાપીત કરે તથા તે મુજબ પાર્ટ એવોર્ડ કરી આપવા અરજી આપવામાં આવેલી. જે અરજી લગત બન્ને પક્ષોને સાંભળ્યા ઉપરાંત ઔદ્યોગીક વિભાગ કાયદામાં પાર્ટ એવોર્ડ કરવાની કોઈ જોગવાઈ ન હોય અરજદારને પુન:સ્થાપીતનો હુકમ બન્ને પક્ષકારોના પુરાવા લઈ નિર્ણય થઈ શકે તેથી સામાવાળાના જવાબના પેરા-સી/૧ માં જણાવ્યા મુજબ બન્ને પક્ષકારો વર્તન કરવા તૈયાર હોય તો તે અંગે વર્તન કરી તા.૧૬/૦૪/૨૦૧૩ નારોજ કોર્ટમાં રીપોર્ટ કરવાની શરતે તે અરજી ફેસલ કરવામાં આવેલ. જે હુકમ ઉપરાંત કામદાર

સામાવાળા પાસે જઈ હાજર થવા માટેના કોઈ પ્રયત્ન કરેલ હોય તે માટેના કોઈ પુરાવા કામદારે આ કામે રજુ રાખેલ નથી. જેથી કામદારનુ આ વર્તન એબેન્ડન્મેન્ટ ઓફ સર્વીસ છે. જેથી સામાવાળાએ કામદારને કાઢી મુકેલ નથી. જેથી અરજદારની હાલની અરજી હવે ટકી શકે તેમ નથી. વધુમાં કામદારની ઉંમર હાલ ૬૦ વર્ષની ઉપર હોય જેથી કામદારને પુનઃસ્થાપીત કરવાનો પ્રશ્ન હાલ ઉપસ્થીત થતો નથી. જેથી કામદારે રજુ રાખેલ માંગણા નીવેદન રદ્દ કરવા અરજ કરવામાં આવેલ છે.

**(૧૧)** ઉપરોકત રજુ પુરાવા તથા બન્ને પક્ષોની હકીકત ધ્યાને લેતાં આ કામે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

૧. શું રેફરન્સના અનુસુચી મુજબ આ કામના અરજદાર તા.૦૧/૦૪/૨૦૧૦ થી પડેલ દિવસોના પગાર સહીત નોકરીમાં તેમની મુળ જગ્યાએ સળંગ નોકરી સાથે પુનઃસ્થાપીત થવાની દાદ તેમજ તે સાથે આનુસંગીક દાદો મેળવવા હકકદાર છે?

૨. શું હુકમ?

**(૧૨)** ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>-::નિર્ણયો::-</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>-:: કારણો ::-</u>**

**<u>મૌખીક પુરાવાની ચર્ચા</u>**

**(૧૩)** ઉપરોકત મુદ્દાઓ અનુસંધાને આ કામે સૌપ્રથમ પડેલ મૌખીક પુરાવા જોવામાં આવે તો આંક-૦૯ થી અરજદારે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, **<u>અરજદાર સામાવાળા સંસ્થામાં કચરાં-પોતા કરતા હતા જે આશરે વીસ વર્ષથી નોકરી કરતા હતા. સામાવાળા સંસ્થામાં બહારગામથી આવતાં ચાત્રાળુઓને રહેવા માટે ૩૦ બંગલા, અપાશ્રય, પાણીની પરબ આપેલ છે. બંગલા ચાત્રાળુઓ પાસેથી ભાડું લઈને આપવામાં આવે છે.</u>** <u>અરજદારને મુનીમ હસમુખભાઈએ મૌખીક હુકમથી છુટા કરેલ. આ કેસ કર્યા બાદ ત્રણથી ચાર વખત નોકરીએ રાખેલ નથી. અરજદાર જે કામ કરતાં હતા તે કામ કરવા માટે</u>

અરજદારને છુટા કર્યા બાદ મણીબેન અને લાખુબેનને રાખેલ છે.અને અરજદાર જે કામ કરતાં હતા તે કામ હાલ ચાલુ જ છે. અરજદારને છુટા કર્યા બાદ બીજી ધર્મશાળામાં નોકરી મેળવવા માટે ગયેલી, પરંતુ અરજદારને નોકરીએ રાખેલ નહી. હાલ અરજદાર બેકાર છે. અને માંગણા નીવેદન મુજબ અરજદારની હકીકત અને દાદ છે. જે લગત **ઉલટ તપાસ લેવામાં આવેલ છે.** જેમાં અરજદારે સ્વીકારેલ છે કે, તેઓને સંતાનમાં ચાર દીકરા છે. જેમાં ત્રણ દીકરાઓ પરણાવેલ છે. એક દીકરો કુંવારો છે. અરજદારને નોકરીમાંથી કાઢી મુકયાના પંદર દીવસ પછી ફરી કામે ગયેલા પછી બે વખત કેસ કર્યા પછી પણ ગયેલ.

(૧૪) ત્યારબાદ **સામાવાળા દ્વારા આંક-૨૩ થી પુરાવારૂપી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે.** જેમાં તેઓ જણાવે છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં ૬ વર્ષથી નોકરી કરે છે. સામાવાળામાં દેરાસર, અને ૧૨ બંગલા હતા. અને ૨૦૦૯ આસપાસ ભોજનશાળા અને ધર્મશાળા બાંધવામાં આવેલા. અરજદાર ૧૨ બંગલામાં સફાઈનુ કામ કરતાં તેમજ ઉપાશ્રયમાં સફાઈ કરતા. અરજદાર તા.૦૧/૦૪/૨૦૧૦ થી કામ કરવામાં તકલીફ હોય સ્વેચ્છાએ આવતા બંધ થયેલ તેમને કયારેય કામની ના પાડેલ નથી. સામાવાળાને ત્યાં ૧૨ બંગલામાં કે ધર્મશાળામાં યાત્રાળુ ઉતરે તેઓ કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. ભોજનશાળામાં પણ કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. જે કોઈ ડોનેશન આપે તે લેવામાં આવતુ હતુ. ડોનેશન ન આપે તો પણ ભોજનશાળામાં જમી શકે છે. હાલના અરજદારને કયારેય કામની ના પાડેલ નથી. તેઓ ગયા પછી કયારેય સંસ્થામાં કામે આવેલ નથી. અરજદાર આવતા બંધ થયા એટલે અન્ય વ્યવસ્થા કરવી પડેલી. સદર સોગંદનામામાં જણાવે છે કે, યાત્રીકો અને મહેમાનોને જમાડીયે તેની કોઈ પહોંચ આપતા નથી કે આ અંગે કોઈ રજીસ્ટર રાખતા ન હતા. સામાવાળી સંસ્થાને શોપ એકટ કે ફેકટરી એકટ લાગુ પડતા નથી. યાત્રાળુ આવે તેના આવક-જાવકના રજીસ્ટર બે વર્ષ સુધી રાખતાં. પગાર દર માસે તમામ કર્મચારીનુ બીલ બનાવી ચુકવતા જે રેકર્ડ ૩ વર્ષ સુધી રાખતાં. અરજદારને દર વર્ષે ૨ પગાર રજાઓ અને એક દીવાળી એમ થઈ ૩ પગાર વધારે આપતા. અરજદાર અન્ય જગ્યાએ પણ આવુ કામ કરતા. ૧૯૯૦ થી કામ કરતા હોવાની વાતનો અસ્વીકાર કરેલ છે. ત્યારબાદ તા.૦૩/૦૧/૨૦૨૨ નારોજ **અરજદાર-કામદારના વિ.પ્રતિનીધીશ્રી દ્વારા ઉલટ તપાસ**

<u>**લેવામાં આવેલ. જેમાં સાહેદ સ્વીકારે છે કે, તેઓની ઉંમર હાલ ૨૭ વર્ષની છે.**</u> આ કામના અરજદારને સંસ્થામાં તેમણે કયારેય જોયા નથી. કલાર્ક તરીકે સાહેદને સંસ્થામાં સંસ્થાની ભોજનશાળામાં કામગીરી બરાબર ચાલે છે, તે બાબતે કોઇ ફરીયાદ નથી અને જો ફરીયાદ હોય તો મેનેજર સુધી જાણ કરવી, કોઇ ચીજ વસ્તુ જરુર હોય તો બજારમાં લેવા જવી, સાધ્વીજી મહારાજને કોઇ કામ હોય તો તે મેનેજર સુધી પહોંચાડવુ વિ.ધર્મશાળામાં યાત્રીકો આવે તો યાત્રીકોની એન્ટ્રી કરવાનુ તેમજ તેઓને રુમ ફાળવવાનુ કામ ધવલભાઇ દેવલુક કરતાં હતા. <u>**યાત્રીકો પાસેથી ભાડાની રકમ જે આવેલ હોય તે ખાતામાં જમા કોણ કરવાતુ હતુ તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, ટ્રસ્ટીએ રૂા.૪૫૦/- મીનીમમ ચાર્જ નકકી કરેલ છે, પરંતુ કોઇ યાત્રીકને તે ચુકવવા ફરજીયાત નથી. ભોજનશાળામાં વ્યકિતદીઠ કેટલો ચાર્જ લેવામાં આવે છે તેના જવાબમાં તેઓ એમ જણાવે છે કે, તેનો વ્યકિતદીઠ રૂા.૮૦/- થી ૯૦/- છે પરંતુ તે પણ ફરજીયાત નથી.**</u> સદર ભોજનશાળામાં ગામમાંથી કોઇ ઇતર જ્ઞાતીના લોકો જમવા આવે અને તેની પાસે સગવડ ન હોય તો તેઓને પણ જમાડવામાં આવે પરંતુ સામાન્ય રીતે આવુ બનતુ નથી. <u>અરજદારને હકક રજા અને બોનસ ચુકવેલા તેના રજીસ્ટરો આંક-૧૩ થી આ કામે રજુ રાખેલાની વાતનો સ્વીકાર કરે છે. સામાવાળી સંસ્થા દ્વારા ચલાવાતી ધર્મશાળામાં કુલ-૫૬ રુમ છે. તેમજ બાર બંગલા તરીકે ઓળખાતા મકાનમાં દરેક બંગલામાં ચાર રુમ અને બે હોલ ઉપર-નીચે હોય છે. અરજદાર સફાઇ અંગની કામગીરી કરતા હતા. ધર્મશાળામાં સરેરાશ રોજ ૧૨૫ થી ૧૫૦ ની રસોઇ બનતી હોય છે. જે પૈકી ૭૦ થી ૭૫ ની રસોઇ સાધુ-સાધ્વીજી માટે હોય છે, સાધુ-સાધ્વીજી જે ઉંમર લાયક હોય તેઓ કાયમ માટે સંસ્થામાં રહે છે. સાધ્વીજી જે ઉંમર લાયક હોય છે તેઓની સાર-સંભાળ માટે મહીલા કામદારની જરુરત રહે છે. સાહેદએ વાતનો સ્વીકાર કરે છે કે, અરજદાર છુટા થયા બાદ તેઓ નોકરીમાં આવેલા છે અને અરજદાર જેવા બીજા બે બહેનો કામે રાખેલા છે. સદર બન્ને બહેનોના નામો મંગુબેન પરમાર અને ઉજીબેન છે. અને આ બન્ને બહેનો આજની તારીખે પણ આખો દીવસ કામે આવે છે. જે બાર કલાક કામે આવે છે.</u> અને સાહેદ જણાવે છે કે, તેઓને કેસ બાબતે કોઇ અંગત માહીતી નથી.

**<u>દસ્તાવેજી પુરાવાની ચર્ચા</u>**

**(૧૫)** આ કામે અરજદાર તરફે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. તે ઉપરાંત સામાપક્ષે પણ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ થયેલાનુ રેકર્ડે જણાય આવતુ નથી.

**<u>રેકર્ડે રજુ પુરાવાનુ મુલ્યાંકન</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા</u>**

**(૧૬)** આ કામે મદદનીશ શ્રમઆયુક્તશ્રીએ રીફર કરેલ અનુસુચી અનુસંધાને રેકર્ડે જણાય આવેલ ઉપરોકત મુજબના મુદ્દાઓ લગત ઔધોગીક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની જોગવાઇઓ હેઠળ નીચે મુજબના તત્વો રેકર્ડે પુરવાર થવુ જરૂરી છે.

(૧) વર્કમેન સ્ટેટસની સાબિતી

(૨) ઇન્ડસ્ટ્રીની સાબિતી

(૩) એમ્પલોયર–એમ્પલોઇ વચ્ચેના સંબંધની સાબિતી

(૪) સતત–સળંગ નોકરીની સાબિતી(૨૪૦ દીવસનો નિયમ)

(૫) સ્ટેટ્યુટરી રીટ્રેન્ચમેન્ટ નિયમોનુ ઉલ્લંઘનની સાબિતી(છટ્ટણી કાનુની જોગવાઇઓના ઉલ્લંઘનની સાબિતી)

(૬) સીનીયોરીટી તથા રીએમ્પલોયમેન્ટના નિયમોનુ ઉલ્લંઘનની સાબિતી

(૭) ગેઇનકુલ એમ્પલોયમેન્ટની સાબિતી(અન્ય જગ્યાએ કામગીરી કરતાં હોવાની સાબિતી)

(૮) બેક વેજીસની પાત્રતાની સાબિતી

**(૧૭)** હવે ઉપરોકત તત્વોની સાબિતીનો બોજો જે–તે પક્ષકાર ઉપર રહેલો છે. જેની ચર્ચા તત્વોની ચર્ચા દરમ્યાન નીચે મુજબ છે.

**(૧૮)** **<u>વર્કમેન સ્ટેટસ</u>** વર્કમેન સ્ટેટસની સાબિતીનો બોજો કામદાર ઉપર રહેલો છે. કામદારે આઇ.ડી.એકટની કલમ–૨(એસ)ની જોગવાઇ મુજબ સાબિત કરવાનુ રહે છે કે, તેઓને કુશળ અથવા અકુશળ શ્રમ, અથવા ટેકનીકલ, અથવા કલાર્ક, અથવા ઓપરેશનલ અથવા સુપરવાઇઝરી વર્ક માટે કામ ઉપર

રાખવામાં આવેલા તથા તેમનુ કામ મેનેજરનુ અથવા એડમીનીસ્ટ્રેશનનુ હતુ નહી. આમ, આ સંદર્ભે પક્ષકારો તરફે રજુ પુરાવા ધ્યાને રાખી જોવામાં આવે તો જયારે સામાપક્ષના સાહેદે તેમની સરતપાસમાં તથા જવાબમાં પણ જણાવેલ હોય કે આ કામના કામદાર તેમને ત્યાં સાફ–સફાઇનુ કામ કરતા હોય, ત્યારે આ કામે રજુ થયેલ પુરાવા ધ્યાને રાખતાં આઇ.ડી.એકટની જોગવાઇ મુજબ આ કામના અરજદારને કામદાર તરીકે ગણવા માટેના પુરતા કારણો રેકર્ડે જણાય આવે છે. જેથી આ કામે અરજદાર કાયદા મુજબના કામદારનુ સ્ટેટસ ધરાવતાં હોય તેમ માનવામાં આવે છે.

(૧૯) **ઇન્ડસ્ટ્રી** સ્ટેટસની સાબિતીનો બોજો કામદાર ઉપર રહેલો છે. કામદારે સાબિત કરવાનુ રહે છે કે,આ કામના સામાવાળા આઇ.ડી.એકટની કલમ–૨(જે)ની જોગવાઇ તથા **બેંગ્લોર વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ વિરુધ્ધ રાજપ્પા (એ.આઇ.આર.૧૯૭૮ એસ.સી.૪૫૮)ના કેસમાં** પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબ એક ઇન્ડસ્ટ્રી છે જેથી તેના ઉપર આઇ.ડી.એકટની કલમ લાગુ પડે છે. આ સંદર્ભે હવે ઇન્દ્રવદન એન.આધ્યારુ પીપલાફલી મોઢવાલા વિ.લક્ષ્મીનારાયણ દેવ ટ્રસ્ટ સીવીલ અપીલ નં.૭૫૪૯/૨૦૨૧ ના કામે હાલમાં નામ.સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદામાં પ્રસ્થાપીત સિદ્ધાંત મુજબ નામ.વડી અદાલતે ઠરાવેલ છે કે, મંદીર ટ્રસ્ટ ધાર્મિક સંસ્થા હોય છે તેનુ કામ ચેરીટેબલ અને આધ્યાત્મીક પ્રવૃતીઓ મુખ્યરૂપે કરવાનુ હોય છે. જેથી તેવી પ્રવૃતીઓમાં વ્યવસાયીક લાભ લેવાનો હેતુ ના હોય તો તે મંદીર–ટ્રસ્ટ ઇન્ડસ્ટ્રીઝ તરીકે ગણી શકાય તેમ નથી.

(૧૯.૧) જેથી આ તબકકે **બેંગ્લોર વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ વિરુધ્ધ રાજપ્પા (એ.આઇ.આર.૧૯૭૮ એસ.સી.૪૫૮)ના કેસમાં** પ્રસ્થાપીત સિધ્ધાંતો મહત્વપુર્ણ બને છે. જેમાં નામ.સુપ્રીમ કોર્ટે કોઇ મહેકમ ઇન્ડસ્ટ્રી છે કે કેમ તેના માટે ટ્રીપલ ટેસ્ટનો સિદ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે. જે નીચે મુજબ છે.

(૧) સંસ્થામાં વ્યવસ્થીત આર્થીક પ્રવૃતીઓ છે કે કેમ?

(૨) કામદાર અને માલીક વચ્ચે સહકાર છે કે કેમ?

(૩) માલ અને સેવાઓનુ ઉત્પાદન છે કે કેમ?

આમ, ઉપરોકત ત્રણ ટેસ્ટમાં જો કોઇ મહેકમ લગત **આ ત્રણેય ટેસ્ટનો જવાબ હકારાત્મક હોય તો** તે મહેકમ ઇન્ડસ્ટ્રી તરીકે ગણવાનુ રહે છે.

**(૧૯.૨)** આમ, ઉપરોકત ટ્રીપલ ટેસ્ટ સંબંધે આ કામે જોવામાં આવે તો આ કામે સંસ્થા તરીકે મેનેજર/ટ્રસ્ટી વર્ધમાન જૈન આગમ મંદીર સંસ્થા તરીકે દર્શાવવામાં આવેલ છે. હવે મેનેજર કે ટ્રસ્ટી પોતે કોઇ સંસ્થા નથી, બલ્કે તે સંસ્થામાં આવેલ એક હોદ્દો છે. જેથી મેનેજર કે ટ્રસ્ટી આ કામે સંસ્થા ન હોવાથી તેની સામે ટ્રીપલ ટેસ્ટ થઇ શકે તેમ નથી. પરંતુ વર્ધમાન જૈન આગમ મંદીર જે પોતે સંસ્થા છે તે લગત આ કામે ટ્રીપલ ટેસ્ટ જોવામાં આવે તો અરજદારે રજુ રાખેલ મૌખીક પુરાવા તેમજ સામાપક્ષે રજુ રાખેલ મૌખીક પુરાવા બન્ને ધ્યાને રાખતાં તેમાં બિનતકરારી રુપે પક્ષકારોએ જણાવેલ છે કે સંસ્થાના બંગલા કે ધર્મશાળા કે રુમો આવેલા છે. જેમાં ભોજનશાળા પણ આવેલ છે. ત્યારબાદ સામાપક્ષની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં સામાપક્ષના સાહેદે આંક-૨૩ થી જણાવેલ છે કે યાત્રીકો પાસેથી મીનીમમ રૂા.૪૫૦/- ચાર્જ લેવાનુ નકકી કરેલ છે, પરંતુ કોઇ યાત્રીકને તે ચુકવવા ફરજીયાત નથી. તે જ રીતે ભોજનશાળામાં પણ વ્યકિતદીઠ રૂા.૮૦/- થી ૯૦/- નો ચાર્જ રાખવામાં આવેલ, પરંતુ તે પણ ફરજીયાત નથી. આમ, આ હકીકત અરજદારે સામાવાળાના સાહેદની ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં તેના વિરુધ્ધમાં કોઇ હકીકત રેકર્ડે લાવેલ હોય તો તેવુ રેકર્ડ જોતાં જણાય આવતુ નથી. તે સંજોગોમાં મંદીર-ટ્રસ્ટ સંસ્થા વ્યવસાયીક પ્રવૃતીઓ માટે કોઇ વ્યવસ્થા કરેલી છે તેવુ આ કામે રજુ પુરાવાથી જણાય આવતુ નથી. તે સિવાય મંદીર સંસ્થાનુ સ્વરુપ કે તેના નિયંત્રણમાં કોઇ વ્યવસાયીક પ્રવૃતી કરવામાં આવતી હતી તે માટે કામદાર તરફે ટ્રસ્ટનુ બંધારણ તથા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ વિગેરે આ કામે રજુ રાખી તે અંગે જરુરી હકીકત રેકર્ડ ઉપર પુરવાર કરી શકાયા હોત, પરંતુ આંક-૮ થી કામદારે રજુ રાખેલ પ્રોડકશન અરજી લગત થયેલ હુકમ મુજબ તેવા દસ્તાવેજ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા ટ્રસ્ટના બંધારણની નકલ રજુ કરવાની ફરજ કોર્ટના હુકમથી સામાવાળા મેનેજર ટ્રસ્ટી ઉપર નાંખવામાં આવેલી. પરંતુ તે હુકમ મુજબ બે કારણોસર સામાવાળાની વિરુધ્ધમાં વિરુધ્ધનુ અનુમાન કરી કામદારના ખભ્ભે આવેલ સાબિતીનો બોજો સામાવાળાના ખભ્ભે મુકવા માટેના કારણ રેકર્ડે જણાય

આવતુ નથી.

(૧) આ કામે માંગેલ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા ટ્રસ્ટનુ બંધારણ જે ચેરીટી કમિશ્નર સમક્ષ નોંધાયેલ હોય, જેથી તે ચેરીટી કમિશ્નરશ્રીની જાહેર કચેરી હોવાથી તેમની કચેરીમાં ઉપલબ્ધ દસ્તાવેજ, જાહેર દસ્તાવેજો જેની નકલ કામદાર પોતે પણ મેળવી શકયા હોત. તેથી જયારે કોઇ જાહેર દસ્તાવેજ લગત પ્રોડકશન અરજી આપવામાં આવી હોય અને તે અરજી લગત હુકમ મુજબ સામાપક્ષ તેવા દસ્તાવેજ રજુ ન કરે તો પણ વિરુધ્ધનુ અનુમાનના સિદ્ધાંતના આધારે સામાપક્ષની વિરુધ્ધમાં અનુમાન કરી શકાય તેમ નથી. જેથી કામદારના ખભ્ભે આવેલ સાબિતીનો બોજો કોઇપણ સંજોગોમાં સામાપક્ષના ખભ્ભે શીફટ થઇ શકે નહી.

(૨) આ કામે આંક-૮ થી માંગેલ દસ્તાવેજો કામદારે મેનેજર/ટ્રસ્ટી પાસેથી માંગેલા છે. જે પોતે મંદીર ટ્રસ્ટ નથી. જેથી મંદીર ટ્રસ્ટના કબ્જામાં રહેલ દસ્તાવેજ મેનેજર કે ટ્રસ્ટી પોતે રજુ ના કરી શકે તો તેની વિરુધ્ધ વિરુધ્ધનુ અનુમાન(એડવર્સ ઇન્ફરન્સ) કામદારની તરફેણમાં થઇ શકે નહી.

આમ, ઉપરોકત કારણોસર આ કામે રજુ પુરાવાથી સામાવાળા વ્યવસ્થીત આર્થીક પ્રવૃતીઓ કરે છે તેવુ આ કામે માની શકાય તેમ નથી.

**(૧૯.૩)** તે જ રીતે ટ્રીપલ ટેસ્ટના કામે બે ટેસ્ટ અંગે જોવામાં આવે તો અગાઉ કરેલ ચર્ચા મુજબ આ કામે અરજદાર કામદાર તરીકે રેકર્ડ ઉપર જણાય આવે છે, પરંતુ મેનેજર કે ટ્રસ્ટી તેના માલીક છે, તેવુ રજુ પુરાવાથી માની શકાય નહી. તે સિવાય આ કામે મંદીર-ટ્રસ્ટ લગતના જરુરી પુરાવા તથા હકીકત આ કામે રજુ થયેલ ન હોય ત્યારે કામદાર અને માલીક વચ્ચે સહકાર હોવાનુ આ કામે રેકર્ડે માની શકાય તેમ નથી. તે જ રીતે માલ અને સેવાઓનુ ઉત્પાદન વ્યકિતઓની ઇચ્છાઓ તથા જરુરીયાત પુરી પાડવા માટે છે. તે સંદર્ભે જોવામાં આવે તો મંદીર ટ્રસ્ટ દ્ધારા કે મંદીર સંસ્થા દ્ધારા મંદીરમાં આવતાં યાત્રીકો માટે તેમની ઇચ્છા તથા જરુરીયાત મુજબની સગવડ પુરી પાડવા જરુરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેવુ આ કામે રજુ મૌખીક

પુરાવાથી સામાપક્ષના સાહેદની સ્વીકારણા મુજબ રેકર્ડે પુરવાર થયેલાનુ ફલીત થાય છે. પરંતુ આ કામે જયારે રજુ પુરાવાથી સંસ્થામાં આવતાં વ્યકિતઓની ઇચ્છા તથા જરુરીયાત મુજબ જરુરી સેવા કે માલ પુરો પાડવાનુ કામ સંસ્થાના વ્યવસાયીક આર્થીક લાભ માટે હોય તેવુ પુરવાર થતુ ન હોય ત્યારે તથા કામદાર અને માલીક વચ્ચે સહકાર પણ રેકર્ડે પુરવાર થતુ ન હોય ત્યારે **<u>બેંગ્લોર વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ વિરુધ્ધ રાજપ્પા (એ.આઇ.આર.૧૯૭૮ એસ.સી.૭૫૮)ના કેસમાં</u>** પ્રસ્થાપીત ટ્રીપલ ટેસ્ટના ત્રણેય ટેસ્ટોમાં આ કામે જરુરી હકીકત પોતાના તરફેણમાં રેકર્ડે સાબિત કરી ટ્રીપલ ટેસ્ટના ત્રણેય ટેસ્ટોના જવાબ હકારમાં રેકર્ડે લાવેલ હોય તેવુ ઉપરોકત કારણો તથા ચર્ચીત સંજોગોમાં આ કામે માની શકાય તેમ નથી. જેથી જયારે વર્ધમાન જૈન આગમ મંદીર ટ્રસ્ટ લગત ત્રણેય ટ્રસ્ટના જવાબ હકારમાં ન હોય ત્યારે તે મંદીર ટ્રસ્ટ કે આ કામના સામાવાળા હાલના અરજદાર પુરતુ ઇન્ડસ્ટ્રી છે તેવુ નામ.વડી અદાલતે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિદ્ધાંત મુજબ માની શકાય તેમ નથી.

(૨૦) આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ <u>જયારે આ કામે અરજદાર રેકર્ડ ઉપર એવી હકીકત રેકર્ડે પુરવાર કરેલ ન હોય કે આ કામના સામાવાળા ઇન્ડસ્ટ્રીનુ સ્ટેટસ ધરાવે છે, ત્યારે ઉપરોકત પેરા નં-૧૬ માં જણાવેલ અન્ય તત્વોની ચર્ચા આ કામે કરવાની જરૂરી રહેતી નથી.</u> તે સીવાય જયારે આ કામે સામાવાળા ઇન્ડસ્ટ્રી તરીકે સ્થાપીત થતા હોવાનુ રેકર્ડે માનવામાં આવેલ ન હોય ત્યારે અરજદાર આઇ.ડી.એકટની કોઇપણ કલમની જોગવાઇઓ હેઠળ કાયદા મુજબ કોઇ દાદ મેળવી શકે છે અથવા સામાવાળી સંસ્થા કોઇપણ રીતે આ કામના અરજદાર પુરતુ આઇ.ડી.એકટની કોઇ જોગવાઇની અમલવારી કરવા કાયદેસર રીતે બંધાયેલ છે તેવુ ઉપરોકત કારણસર માની શકાય તેમ નથી. જેથી ઉપરોકત કારણોસર અરજદાર તરફે રજુ થયેલ દલીલ અરજદારની તરફેણમાં છે અને તેમની તરફેણમાં હાલની અરજી લગત કોઇ હુકમ કરવા માટે કાયદા મુજબની કોઇ આધાર આ કામે સ્થાપીત કરે છે તેમ ફલીત થતુ નથી.તેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ જયારે સામાવાળા ઇન્ડસ્ટ્રી તરીકે રેકર્ડે પ્રસ્થાપીત થયેલાનુ કોઇ કારણ રેકર્ડે જણાતુ ન હોય ત્યારે અરજદાર માંગણા નીવેદનમાં જણાવ્યા મુજબની કોઇ દાદ મેળવવા હકકદાર હોવાનુ ફલીત થતુ

ન હોય ત્યારે હાલની રેફરન્સ અરજદાર કામદારની વીરૂધ્ધમાં રદ કરવા યોગ્ય વ્યાજબી અને ન્યાયોચીત કારણો રેકર્ડે જણાય આવે છે જેથી ન્યાયના હીતમાં **મુદદા નં .૧નો જવાબ નકારમાં** આપી **મુદદા નં.ર પરત્વે** નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:**આખરી હુકમ:-**

(૧) હાલનો રેફરન્સ આથી રદ કરવામાં આવે છે.

(ર) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

(૩) આ એવોર્ડ પ્રસિધ્ધિ અર્થે લેબર કમિશ્નરશ્રી, ભાવનગરને મોકલી આપવો.

----------------

સ્થળ : ભાવનગર
તારીખ : ૨૮/૦૪/૨૦૨૬

(તેજપ્રતાપ સિંઘ)
પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી
શ્રમ અદાલત નં.-૧,ભાવનગર
જીજે-૦૧૨૪૭

એ.એમ.કટુડીયા
(ગુજરાતી સ્ટેનોગ્રાફર)